જા.નં./RMSA/નૃત્ય સ્પર્ધા/૨૦૨૨/ ૯૫૧૮-૩

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-3, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત.
તા.૨૨/૧૧/૨૦૨૨

ઉક્ત પત્રની જાણ તથા અમલવારી કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિ. સુરત.

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરતની જીલ્લાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ.

NIPUN BHARAT

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટરની કચેરી
સર્વ શિક્ષા અભિયાન, સુરત,
[illegible]
[illegible]
E mail : - dpcsurat@gmail.com
Toll Free no. 1800 233 4820

**પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન**

નં.ક્રમાંક/સમગ્ર શિક્ષા/ક્યુ.ઈ.સેલ./૨૦૨૨/ ૧૫૨૯૭ - ૯૮ તા. ૧૭/૧૧/૨૨

પ્રતિ,
(૧) ઇ.આઇ./એ.ઇ.આઇ.શ્રી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, જિલ્લા સેવા સદન,
(૨) બી.આર.સી.કો-ઓર્ડિનેટરશ્રી, તાલુકા તમામ,
જિ. સુરત

**વિષયઃ-** મધ્યપ્રદેશ રાજ્યમાં યોજાનાર બાલરંગ મહોત્સવ 2022માં જુદા-જુદા રાજ્યના પરંપરાગત નૃત્ય પ્રદર્શન માટેની સ્પર્ધામાં ભાગ લેવા બાબત. (ગુજરાત રાજ્યના વિસ્તાર કે પ્રદેશનું પરંપરાગત લોકનૃત્ય સ્પર્ધા)

**સંદર્ભઃ-** (૧) પત્રક્રમાંકઃસમગ્ર શિક્ષા/ક્યુઇસેલ/૧/૨૦૨૨/૫૦૦૩૩-૬૮, તા.૧૭/૧૧/૨૦૨૨નો પત્ર.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે આપને જણાવવાનું કે, સંદર્ભપત્રમાં જણાવ્યા મુજબ ચાલુ વર્ષ શિક્ષણ વિભાગ, મધ્યપ્રદેશ અને ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય માનવ સંગ્રહાલય, મીનીસ્ટ્રી ઓફ કલ્ચર, **ભારત સરકાર (IGRMS, Gov. of India) દ્વારા બાલરંગ મહોત્સવ-2022નું આયોજન કરવામાં આવેલ છે.** જેનો મુખ્ય ઉદ્દેશ્ય રાષ્ટ્રીય એક્તાની ભાવનાને પ્રોત્સાહન આપવાનો અને આપણા દેશના વિવિધ પ્રદેશોના વિવિધ સાંસ્કૃતિક મૂલ્યો અને જીવનશૈલી બાબતે લોકોમાં જાગૃતિ કેળવવાનો છે. વિવિધ રાજ્યોની ટીમ વચ્ચે પરંપરાગત નૃત્યોની સ્પર્ધા માટે એક નેશનલ ડાન્સ કોમ્પીટીશનનું આયોજન આગામી **તારીખ 18 અને 19 ડિસેમ્બર – 2022 (રવિવાર અને સોમવાર) ભોપાલ, મધ્યપ્રદેશ મુકામે કરવામાં આવેલ છે.**

આપના તાલુકાની માધ્યમિક, ઉચ્ચત્તર – માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોમાંથી ગુજરાત રાજ્યની સાંસ્કૃતિક દર્શન કરાવતું રાજ્યના જિલ્લાઓના પરંપરાગત લોકનૃત્યની એક શ્રેષ્ઠ ટીમને તાલુકા કક્ષાએથી પસંદ કરી, તેની નીચે મુજબની વિગતો અત્રેની કચેરીએ **તારીખ 23-11-2022 ના બપોરે 03:00 કલાક સુધીમાં અત્રેની કચેરીના ઇ.-મેઇલ આઇ.ડી. dpcsurat@gmail.com મોકલી આપવા** આથી આપને **જણાવવામાં આવે છે.**

- આ સ્પર્ધામાં માત્ર કુમાર અથવા માત્ર કન્યા અથવા કુમાર-કન્યા મિશ્રની કોઇ એક ટીમને મોકલવાની રહેશે
- પરંપરગત નૃત્ય પ્રદર્શન દરમિયાન ગાયન અને વાદન અને નૃત્યની રજુઆત આ સ્પર્ધામાં ભાગ લેનાર ટીમના કુલ 15 સભ્યોએ સાથે મળી કરવાનું રહેશે. આ નૃત્ય સમયે પરંપરાગત લોકનૃત્યના શબ્દોનું ગાયન – ઉચ્ચારણ, સંગીતના વાજિંત્રોનું વાદન વગેરે કાર્યનું સંચાલન સ્પર્ધક ટીમના સભ્યો દ્વારા જ કરવાનું રહેશે
- પરંપરાગત નૃત્ય પ્રદર્શન દરમિયાન કોઇપણ ડિઝિટલ માધ્યમ, કેસેટ-સિડી-પેનડ્રાઇવ-અન્યનો ઉપયોગ થઇ શકશે નહી.
- પરંપરાગત નૃત્ય પ્રદર્શન સ્પર્ધા માટે નૃત્યનો સમય વધુમાં વધુ 10 મીનીટનો રહેશે.
- આપના તાલુકામાંથી પસંદ કરેલ કોઇ એક ટીમના પરફોર્મન્સની વિડિયોગ્રાફી કરી અત્રેના ઇ.-મેઇલ આઇ.ડી. dpcsurat@gmail.com ઉપર મોકલી, તેની ગુગલડ્રાઇવની લિંક અત્રેની કચેરીના ઇ-મેઇલ પર મોકલવાની રહેશે
- જિલ્લા કક્ષાએથી મોકલવામાં આવેલ ટીમના 10 મીનીટના વિડિયોનું મુલ્યાંકન રાજ્યકક્ષાની જ્યુરીટીમ દ્વારા થશે અને તે પૈકી શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર કોઇપણ ટીમને તારીખ 18 અને 19 ડિસેમ્બર-2022 (રવિવાર અને સોમવાર) ભોપાલ, મધ્યપ્રદેશ રાજ્ય ખાતે સ્પર્ધામાં ભાગ લેવા માટે પસંદ કરવામાં આવશે તથા તેની જાણ આગળની સુચના મળ્યે આપને કરવામાં આવશે.

**બિડાણઃ- સંદર્ભપત્રની નકલ.**

IRMS/PT 6729 18/11

જિલ્લા શિક્ષણાધિકારી
જિ. સુરત

**સવિનય નકલ રવાના :-**
૧. માન.સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર સાહેબશ્રી, સમગ્ર શિક્ષા કચેરી, ગાંધીનગર

NIPUN BHARAT

શિક્ષણનો અધિકાર

સમગ્ર શિક્ષા

સૌ ભણે, સૌ આગળ વધે

**પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન**

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ કચેરી,
સમગ્ર શિક્ષા, સેકટર-૧૭,
ગાંધીનગર.
Email - ebsbguj@gmail.com
ફોનનં-૦૭૯-૨૩૨૪૧૩૩

પત્રક્રમાંક: સમગ્ર શિક્ષા/ક્યુઈસેલ/1/2022/૫૦૦૩૩-૯૬      તા:૧૭/11/2022

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિલ્લા: તમામ.

**વિષય :** મધ્ય પ્રદેશ રાજ્યમાં યોજાનાર રાષ્ટ્રીય બાલરંગ મહોત્સવ 2022માં જુદા જુદા રાજ્યના પરંપરાગત નૃત્ય પ્રદર્શન માટેની સ્પર્ધામાં ભાગ લેવા બાબત. (ગુજરાત રાજ્યના વિસ્તાર કે પ્રદેશનું પરંપરાગત લોકનૃત્ય સ્પર્ધા)

**સંદર્ભ :** Directorate of Public Instruction Madhya Pradesh, Date : 11/10/2022, D.O Letter No. 2071.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ચાલુ વર્ષ શિક્ષણ વિભાગ, મધ્યપ્રદેશ અને ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય માનવ સંગ્રહાલય, મીનીસ્ટ્રી ઓફ કલ્ચર, ભારત સરકાર (IGRMS, Gov. of India) દ્વારા રાષ્ટ્રીય બાલરંગ મહોત્સવ 2022નું આયોજન કરવામાં આવેલ છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય રાષ્ટ્રીય એકતાની ભાવનાને પ્રોત્સાહન આપવાનો અને આપણા દેશના વિવિધ પ્રદેશોના વિવિધ સાંસ્કૃતિક મૂલ્યો અને જીવનશૈલી બાબતે લોકોમાં જાગૃતિ કેળવવાનો છે. વિવિધ રાજ્યોની ટીમો વચ્ચે પરંપરાગત નૃત્યોની સ્પર્ધા માટે એક નેશનલ ડાન્સ કોમ્પીટીશનનું આયોજન આગામી તારીખ 18 અને 19 ડિસેમ્બર, 2022 (રવિવાર અને સોમવાર) ભોપાલ, મધ્યપ્રદેશ મુકામે કરવામાં આવેલ છે.

આપના જિલ્લાની માધ્યમિક, ઉચ્ચત્તર-માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં બાળકોમાંથી ગુજરાત રાજ્યની સાંસ્કૃતિક દર્શન કરાવતું રાજ્યના જિલ્લાઓના પરંપરાગત લોકનૃત્યની એક શ્રેષ્ઠ ટીમને જિલ્લાકક્ષાએથી તટસ્થ રીતે પસંદ કરી, તેની નીચે મુજબની વિગતો અત્રેની કચેરીના ebsbguj@gmail.com ઇ-મેઈલ પર તા. 25/11/2022 શુક્રવાર, સાંજ 6.00 કલાક સુધીમાં સત્વરે મોકલી આપશો.

- આ સ્પર્ધામાં માત્ર કુમાર અથવા માત્ર કન્યા અથવા કુમાર-કન્યા મિશ્રની કોઈ એક ટીમને મોકલવાની રહેશે.
- પરંપરાગત નૃત્ય પ્રદર્શન દરમિયાન ગાયન અને વાદન અને નૃત્યની રજુઆત આ સ્પર્ધામાં ભાગ લેનાર ટીમના કુલ 15 સભ્યોએ સાથે મળી કરવાનું રહેશે, આ નૃત્ય સમયે પરંપરાગત લોકનૃત્યના શબ્દોનું ગાયન-ઉચ્ચારણ, સંગીતના વાજિંત્રોનું વાદન વગેરે કાર્યનું સંચાલન સ્પર્ધક ટીમના સભ્યો દ્વારા જ કરવાનું રહેશે.
- પરંપરાગત નૃત્ય પ્રદર્શન દરમિયાન કોઇ પણ ડીજીટલ માધ્યમ, કેસેટ-સિડી-પેનડ્રાઈવ-અન્યનો ઉપયોગ થઈ શકશે નહી.
- પરંપરાગત નૃત્ય પ્રદર્શન સ્પર્ધા માટે નૃત્યનો સમય વધુમાં વધુ 10 મિનીટનો રહેશે.
- આપના જિલ્લામાંથી પસંદ કરેલ કોઈ એક ટીમના પરફોર્મન્સની વિડીયોગ્રાફી કરી જિલ્લાના ઈમેલ-ગુગલ ડ્રાઈવ ઉપર અપલોડ કરી, તેની ગુગલ ડ્રાઈવની લિંક અત્રેની કચેરીના ebsbguj@gmail.com ઇ-મેઈલ પર મોકલશો.
- જિલ્લામાંથી આવેલ ટીમના 10 મિનીટના વિડિયોનું મૂલ્યાંકન રાજ્યકક્ષાની જ્યુરીટીમ દ્વારા થશે અને તે પૈકી શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર કોઈ એક ટીમને તા.18 અને 19 ડિસેમ્બર, 2022 (રવિવાર અને સોમવાર) ભોપાલ, મધ્યપ્રદેશ રાજ્ય ખાતે સ્પર્ધામાં ભાગ લેવા માટે પસંદ કરવામાં આવશે.

આ સ્પર્ધા બાબતે અન્ય જરૂરી વિગતો માટે સંપર્ક ભરતસિંહ વાઘેલા 9879503835, હેમલબેન પંડ્યા 9924208671.

આભાર સહ...

(મહેશ મહેતા)
સચિવ
સ્ટેટ પ્રોજેક્ટ ઑફીસ
સમગ્ર શિક્ષા, ગાંધીનગર.

સમગ્ર શિક્ષા, સુરત
18 NOV 2022
આવક નંબર ૪૧૮
શાખાનું નામ : IT

નકલ સવિનય રવાના :
1. માન. એસ.પી.ડી.શ્રી, સદર કચેરી.
2. માન. એ.એસ.પી.ડી.શ્રી, સદર કચેરી.